કોન્ટ્રાક્ટ કેરેજ બસોને નોનયુઝ મુકવા
માટે જરૂરી એડવાન્સ વેરો ભરવાની
પધ્ધતિમાંથી મુક્તિ આપવા બાબત.

ગુજરાત સરકાર
બંદરો અને વાહન વ્યવહાર વિભાગ
ઠરાવ ક્રમાંક:એમવીડી-૧૦-૨૦૨૦-૭૫૮-ખ
સચિવાલય,ગાંધીનગર
તા:૨૫/03/૨૦૨૦

વંચાણે લીધાઃ-

(૧) મોટર વ્હીકલ્સ એક્ટ, ૧૯૮૮ હેઠળ ગુજરાત સરકારના બં. અને વા.વ્ય. વિભાગ દ્વારા પ્રસિધ્ધ થયેલ નોટીફિકેશન નં. પીટી/03/૨૦૨૦/ એમવીડી/ ૧૦/૨૦૨૦/૭૪૬/ખ, તા.૨૨-03-૨૦૨૦

(૨) મોટર વ્હીકલ્સ એક્ટ, ૧૯૮૮ હેઠળ ગુજરાત સરકારના બં. અને વા.વ્ય.વિભાગ દ્વારા પ્રસિધ્ધ થયેલ નોટીફિકેશન નં. પીટી/0૪/૨૦૨૦/ એમવીડી/૧૦/૨૦૨૦/૭૪૭/ખ, તા.૨૨-03-૨૦૨૦

(૩) એપીડેમીક ડીસીઝ એક્ટ, ૧૮૯૭ હેઠળ ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા પ્રસિધ્ધ થયેલ જાહેરનામુ નં. જીજી/૨૦/૨૦૨૦/વી-૧/કેએવી/૧૦૨૦૨૦/૪૮૨, તા.૨૩-03-૨૦૨૦

(૪) મોટર વ્હીકલ્સ એક્ટ, ૧૯૮૮ હેઠળ ગુજરાત સરકારના બં. અને વા.વ્ય.વિભાગ દ્વારા પ્રસિધ્ધ થયેલ નોટીફિકેશન નં. પીટી/0૫/૨૦૨૦/ એમવીડી /૧૦/૨૦૨૦/૭૪૭/ખ, તા.૨૪-03-૨૦૨૦

(૫) ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ હેઠળ ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા પ્રસિધ્ધ થયેલ હુકમ ક્રમાંકઃ ૪0-3/૨૦૨૦-ડીએમ-૧(A), તા.૨૪-03-૨૦૨૦ અને માર્ગદર્શિકા

(૬) ગુજરાત ટુરીસ્ટ વ્હીકલ્સ ઓપરેટર્સ એસોસિએશન, અમદાવાદની લેખીત રજુઆત તા.૧૯-03-૨૦૨૦

(૭) ગુજરાત મોટર વ્હીકલ્સ ટેક્ષ એક્ટ, ૧૯૫૮ અને મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ ની સંબંધિત જોગવાઈઓ

Scanned with CamScanner

<u>ઠરાવ</u>

<u>આમુખ:</u>

રાજ્ય સરકાર નોવેલ કોરોના વાયરસ - COVID-19ના સંક્રમણને રોકવા ખુબ જ ગંભીર છે. રાજ્ય સરકાર COVID-19 ના સંક્રમણને રોકવા દેશના માન. વડાપ્રધાનશ્રીએ તા.૨૪-૦૩-૨૦૨૦ના રાષ્ટ્રજોગ સંબોધનથી સમગ્ર દેશમાં જાહેર કરેલ ૨૧ દિવસના સંપૂર્ણ લોકડાઉન નો ગંભીરતા પૂર્વક અમલ સુનિશ્ચિત કરી રહી છે. રાજ્ય સરકારે અવલોકન કર્યુ છે કે, ગુજરાત સરકાર તેમજ અન્ય રાજ્ય સરકારોએ પણ પોતાના વિવિધ આદેશ/નોટીફીકેશનોથી રાજ્યમાં વાહનોના પરિવહન પર પ્રતિબંધ, લોકડાઉન અને અમુક વિસ્તારમાં કરફ્યુ જાહેર કરેલ છે. રાજ્ય સરકારે અવલોકન કર્યુ કે વિશાળ જાહેર હિતમાં લેવાયેલા આ પગલાઓને કારણે એક અસર એવી થઇ છે કે વ્યવસાયીક હેતુઓ માટે વપરાતી કોન્ટ્રેકટ કેરેજ બસોનો વપરાશ અટકી ગયો છે. જેના કારણે ખાનગી માલીકીની કોન્ટ્રાક્ટ કેરેજ બસોને વ્યવસાય નહીં હોવાથી મોટુ નુકશાન થઇ રહેલ હોવા બદલ રાજ્ય સરકારને વંચાણે લીધા ક્રમાંક: (૦૬)થી રજુઆત મળી છે. ઉચ્ચ કક્ષાએ થયેલ રજુઆત અનુસાર તેઓને એપ્રિલ માસમાં વાહનના બિન વપરાશ મુકવા બાબતે જરૂરી એડવાન્સ વેરો હાલના તબકકે ન લેવા એસોસિએશન તરફથી વિનંતી થયેલ છે, અને નોનયુઝ રજુ કરવાની પધ્ધતિમાં કચેરીએ જવુ ન પડે તેવી વ્યવસ્થા કરવા વિનંતી કરવામાં આવેલ છે. વધુમાં વ્યવસાય બંધ રહેવાની પરિસ્થિતિ-લોકડાઉનના સમયગાળાની મુદ્દત તા.૧૫-૦૪-૨૦૨૦ સુધી રહેશે કે ત્યારબાદ પણ લંબાશે તેનું આજની પરિસ્થિતિમાં સ્પષ્ટ અનુમાન થઇ શકે તેમ નથી. આ તમામ બાબતોના અનુસંધાને ઉચ્ચકક્ષાએ કાળજીપૂર્વકની વિચારણા કરી વિશાળ જાહેરહિતમાં શુભ આશયથી હાલની અનિવાર્ય પરિસ્થિતિમાં Covid-19થી ફાટી નીકળેલો રોગચાળો અને તેના કારણે કોન્ટ્રાક્ટ કેરેજ ઓપરેટરોને થયેલ અથવા થનાર નુકશાનની પરિસ્થિતિમાં એપ્રિલ માસમાં નોનયુઝ મૂકવાની કાર્યરીતીમાં સરળતા કરવા જરૂરી હુકમો કરવાની તાકીદે જરુર પડી છે. આથી, ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ની કલમ-૩(૧), કલમ-૩(૨), કલમ-૧૩, મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ના નિયમ-૫, મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ના નિયમ ૧૬Aના ક્લોઝ ૧૦ને સાથે વાંચતાં વિશાળ જાહેરહિતમાં શુભ આશયથી હાલની અનિવાર્ય પરિસ્થિતિમાં Covid-19 થી ફાટી નિકળેલો રોગચાળો અને તેના કારણે કોન્ટ્રાક્ટ કેરેજ ઓપરેટરોને થયેલ અથવા થનાર નુકશાનની પરિસ્થિતિમાં એપ્રિલ માસમાં નોનયુઝ મુકવાની કાર્યરીતીમાં સરળતા કરવા નીચે પ્રમાણેની પધ્ધતિ અમલમાં મુકવા આ ઠરાવ કરવામાં આવે છે.

(૧) એપ્રિલ માસમાં કોન્ટ્રાક્ટ કેરેજ બસોનુ નોનયુઝ જાહેર કરવા એડવાન્સમાં વેરો તેમજ ફી ભરવાની જરૂર રહેશે નહીં.

(૨) આ નોનયુઝ જાહેર કરવા બસના માલિકો અથવા કબજેદારો અથવા નિયંત્રકોએ કચેરીએ જવુ પડશે નહી. પરંતુ સંબંધિત આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરીઓના ઈમેલ આઈ ડી મારફતે તા.૦૧-૦૪-૨૦૨૦ અગાઉ નોનયુઝ જાહેર કરવાનું રહેશે.

(૩) જો એપ્રિલ માસમાં બસ શરૂ કરવાની થાય તો તે સંજોગોમાં એપ્રિલ માસનો જરૂરી મોટર વાહન વેરો ભરપાઈ કરવાનો રહેશે. જેની પર દંડ કે વ્યાજ વસુલવાનું રહેશે નહી.

Scanned with CamScanner

(૪) જો એપ્રિલ માસ પુરો થતાં પણ Covid-19ને કારણે સંપુર્ણ લોકડાઉન અથવા વાહનોના ઉપયોગ પર પ્રતિબંધની પરિસ્થિતિ ચાલુ રહે તો ફરીથી ઉક્ત મુદ્દા નં.- ૧, ૨ અને ૩ મુજબની કાર્યરીતી અનુસરવાની રહેશે.

ગુજરાતના નામદાર રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(પ્રકાશ મજમુદાર)
નાયબ સચિવ
બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(વા.વ્ય)નાં અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(વા.વ્ય)નાં અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- વા.વ્ય.કમિ.શ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- શાખા સિલેક્ટ ફાઈલ

Scanned with CamScanner